# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-07-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 51 હજારથી વધુ નિમણૂક પત્રોનું વર્ચ્યુઅલી વિતરણ કર્યું-રાજ્યના રોજગાર મેળાઓમાં કેન્દ્રીય મંત્રીઓ હાજર રહ્યા
2. કેન્દ્રીય આયુષ મંત્રી પ્રતાપરાવ જાધવે કહ્યું- આયુર્વેદને આજે સમગ્ર વિશ્વ અપનાવી રહ્યું છે.
3. અમદાવાદની સિવિલ હોસ્પિટલ 200 અંગદાન કરનાર રાજ્યની એકમાત્ર હોસ્પિટલ બની
4. રાજ્યના 70 તાલુકામાં આજે વરસાદ- આગામી ચાર દિવસ ઉત્તર અને મધ્ય ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી
5. અમદાવાદના ચિત્રાક્ષ ભટ્ટે ત્રીજી ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં પુરુષોનો ખિતાબ જીત્યો

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# ROJGAR MELA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા વિવિધ સરકારી વિભાગોમાં નવ નિયુક્ત યુવાનોને 51 હજારથી વધુ નિમણૂક પત્રોનું વિતરણ કર્યું. ત્યારે આજે રાજ્યમાં અનેક જિલ્લામાં મંત્રીઓ રોજગાર મેળામાં જોડાયા. કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય સ્મારક ખાતે આયોજિત રોજગાર મેળા દરમિયાન નિમણૂક પત્રોનું વિતરણ કર્યું. આ પ્રસંગે શ્રી માંડવિયાએ સંબોધન કર્યું હતું.

(બાઇટ: મનસુખ માંડવિયા - કેન્દ્રીય મંત્રી)

કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલ વડોદરામાં રોજગાર મેળામાં ઉપસ્થિત રહ્યા. જ્યારે કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયાએ રાજકોટમાં આયોજિત રોજગાર મેળામાં કહ્યું, આજે, યુવાનોને રેલવે, ટપાલ સેવાઓ અને બેંક જેવા મહત્વપૂર્ણ વિભાગોમાં સેવા આપવાની તક મળી છે. તેઓ નવા ભારતની ઓળખ દર્શાવે છે.

. . . . . . . . . . .

# PRATAPRAO-JAMNAGAR

કેન્દ્રીય આયુષ મંત્રી પ્રતાપરાવ જાધવે કહ્યું, આયુર્વેદને આજેસમગ્ર વિશ્વ અપનાવી રહ્યું છે. જામનગરમાં આયુર્વેદ શિક્ષણ અને અનુસંધાન સંસ્થા-ITRAના પ્રથમ પદવીદાન સમારોહમાં શ્રી જાધવે આ મુજબ

જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે સમગ્ર વિશ્વમાં આપણી પ્રાચીન ચિકિત્સા પદ્ધતિના પ્રચાર પ્રસારમાં ઇટ્રાનું મહત્વનું યોગદાન છે.

(બાઇટ: પ્રતાપરાવ જાધવ, કેન્દ્રીયઆયુષ મંત્રી)

આ સમારોહમાં એમ.ડી./એમ.એસ.ના 143 તબીબી વિદ્યાર્થીઓ, એમ.ફાર્મ આયુર્વેદના 35, ડિપ્લોમાઆયુર્વેદ ફાર્મસીના 33, ડિપ્લોમા નેચરોપેથીના 18 સહિત કુલ 234 વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી. શ્રી જાધવે આઇ.ટી.આર.એ.ની મુલાકાત દરમિયાન વિવિધ વિભાગો અને હોસ્પિટલની મુલાકાત લીધી હતી.

. . . . . . . . . . .

# ANNAPURNA DEVI – KEVDIYA

કેન્દ્રીય મંત્રી અન્નપૂર્ણા દેવીની અધ્યક્ષતામાં મહિલા અને બાળ વિકાસ મંત્રાલયની ઝોનલ બેઠક નર્મદા જિલ્લા કેવડિયા ખાતે યોજાઇ. આ બેઠકમાં મિશન શક્તિ, મિશન વાત્સલ્ય સહિતની યોજના તેમજ જેન્ડર બજેટ ઉપર પણ ચર્ચા થઈ. આ ઉપરાંત રાજ્યોની સમસ્યાઓના સમાધાન અંગે પણ ચર્ચા કરવામાં આવી. આ પ્રસંગે સુશ્રી દેવીએ જણાવ્યું કે પોષણ ટ્રેકર એપ્લિકેશનથી આંગણવાડી કાર્યકરનું કાર્ય વધુ હળવું થયું.

(બાઈટ - અન્નપૂર્ણા દેવી (કેન્દ્રીય મંત્રી)

આ બેઠકમાં શ્રેષ્ઠ પ્રથાઓ, નવીન મોડેલો અને સફળ હસ્તક્ષેપોનું પ્રેઝન્ટેશન પણ રજૂ કરાયું, જે સમગ્ર પ્રદેશમાં ક્રોસ-લર્નિંગ અને પ્રતિકૃતિને પ્રોત્સાહન આપશે. આ બેઠકમાં રાજ્યના મહિલા અને બાળ વિકાસ મંત્રી ભાનુબેન બાબરિયા ઉપરાંત મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ,

રાજસ્થાન, ગોવા, દાદરા અને નગર હવેલી, દમણ અને દીવના મહિલા અને બાળ વિકાસ વિભાગના મંત્રીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા.

. . . . . . . . . . .

# AHD - CIVIL 200 AANGDAN

અમદાવાદની સિવિલ હોસ્પિટલ ૨૦૦ અંગદાન કરનાર રાજ્યની એકમાત્ર હોસ્પિટલ બની છે.

ગુરુપૂર્ણિમાના દિવસે હૃદય, લીવર, સ્વાદુપિંડ અને બે કીડનીના દાન સાથે હોસ્પિટલમાં ૨૦૦મું અંગદાન થયું હતું . સિવિલ હોસ્પિટલમાં અત્યારસુધી ૧૭૫ લીવર, ૩૬૪ કીડની, ૧૪ સ્વાદુપિંડ, ૬૪ હૃદય, ૬ હાથ, ૩૨ ફેફસા, ૨ નાના આંતરડા તથા ૨૧ ચામડીનું દાન મળ્યું હતું . સિવિલ હોસ્પિટલના સુપ્રીટેન્ડન્ટ ડૉ. રાકેશ જોશીએ આ ઉપલબ્ધિને ટીમવર્ક અને કર્તવ્યનિષ્ઠાનું પરિણામ જણાવી હતી.

(બાઇટ : ડૉ. રાકેશ જોશી, સિવિલ હોસ્પિટલ સુપ્રીટેન્ડન્ટ)

ગુજરાત સિવાય ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, બિહાર, રાજસ્થાન જેવાં અન્ય રાજ્યો તથા નેપાળ જેવા પાડોશી દેશના અંગદાતાઓ પણ અંગદાન મહાયજ્ઞમાં સહભાગી થયા.

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube

ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# GUJARAT RAIN

રાજ્યમાં વરસાદનું જોર ઘટતા આજે 70 તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રામાં બે ઇંચ વરસાદ નોંધાયો. જ્યારે ભાવનગરના પાલીતાણા અને ગીર સોમનાથ જિલ્લાના ઉનામાં દોઢ ઇંચ વરસાદ પડ્યો છે. ડાંગ જિલ્લાના આહવા, અમદાવાદ જિલ્લાના દેત્રોજ, મોરબીના હળવદ અને વલસાડ જિલ્લાના કપરાડામાં પોણા ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે. આજે માત્ર ત્રણ તાલુકામાં એક ઇંચ કરતાં વધુ વરસાદ વરસ્યો છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો 48 ટકાથી વધુ વરસાદ નોંધાઈ ચૂક્યો છે.

જળાશયોની સ્થિતિની વાત કરવામાં આવે તો, 40 જેટલા જળાશય હાઇએલર્ટ અને 21 જેટલા જળાશય એલર્ટ પર છે. રાજ્યમાં કુલ 44 જેટલા માર્ગ બંધ કરવામાં આવ્યા છે.

. . . . . . . . . . .

# WEATHER FORECAST

આગામી ચાર દિવસ ઉત્તર અને મધ્ય ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આવતીકાલે અને 14 જુલાઈના રોજ સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ અને, પંચમહાલમાં તેમજ સૌરાષ્ટ્રમાં અમરેલી અને ભાવનગરમાં ભારે વરસાદની શક્યતા હોવાનું હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું હતું.

(બાઈટ - રામાશ્રય યાદવ, હવામાન વિભાગ)

. . . . . . . . . . .

# ROAD REPAIR

રાજ્યના વિવિધ જિલ્લામાં આવેલા પુલના માળખાની તપાસ કરવામાં આવી હતી. સુરેન્દ્રનગર જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગની ટીમદ્વારા જિલ્લાના બજાણા મેજરપુલ, પાટડી પુલ, વણા મેજરપુલ, કુલ્કી -પાટડી-ખારાઘોડા-ઓડું રોડ, લખતર-શિયાણી-લીંબડી રોડ પર તલવાણી પુલની કામગીરીની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી હતી.

જ્યારે, ડાંગ જિલ્લામાં વઘઈ-સાપુતારા માર્ગ ઉપરનો 'નંદી ઉતારા' પુલ તપાસ બાદ ભારે કોમર્શિયલ વાહનોની અવર જવર માટે પ્રતિબંધિત જાહેર કરાયો. ભરૂચના આમોદથી જંબુસરને જોડતા ઢાઢર નદી પરના 60

વર્ષ જુના  જર્જરીત પુલની સમારકામની કામગીરી શરૂ કરવામાં આવી છે, અને ભારે વાહનો માટે બંધ કરવામાં આવ્યો છે.

અરવલ્લી જિલ્લાના 75 કરતાં વધારે પુલની તપાસ કરવામાં આવી રહી છે. જેમાં ભિલોડા તાલુકાના અણસોલથી મેઘરજ ઈસરી જવાના માર્ગ પર કુડોલ નજીક જર્જરીત પુલ બંધ કરી દેવામાં આવ્યો છે.

**પાટણ જિલ્લામાં ઉમરદશી નદી તથા મોયણ નદી ઉપર આવેલ મેજર પુલનું તેમજ ચાણસ્મા તાલુકામાં આવેલ મેજર તથા માઈનોર પુલ નું નિરીક્ષણ કરવામાં આવ્યું છે. રાધનપુર હાઈવે પર આવેલ ગોચનાદ પાસેના પુલ પરથી ભારે વાહનોના પસાર થવા પ્રતિબંધ મૂક્યો છે.**

. . . . . . . . . . .

# RAYSAN MANDIR

રચનાત્મક સેવા કર્યો દ્વારા ગાંધીનગર નજીક રાયસણનુ પંચેશ્વર મંદિર લોકાર્ષણનુ કેન્દ્ર બન્યું છે. આ મંદિરે શ્રાવણ મહિનામાં ભગવાનના હિંડોળા અને શિવ આરાધના માટે વિશેષ આયોજન કરાય છે.

આ મંદિર દ્વારા  આધ્યાત્મિક ઉપરાંત સામાજિક સેવા કાર્યો પણ કરવામાં આવે છે. જેમાં ગૌરી વ્રત, પૂજા અને ઉપવાસ વચ્ચે દરમિયાન દિકરીઓને રાયસણના પંચેશ્વર મંદિર તરફથી કાજુ, બદામ, દ્રાક્ષ, ખારેક અને મોસંબી, કેળા વગેરે ફળોનું વિતરણ કરવામાં આવ્યું. આગામી શ્રાવણ માસમાં રાયસણ મંદિરમાં ભગવાનના હિંડોળા પણ યોજાશે. વીસ દિવસ સુધી ચાલનારા હિંડોળા મહોત્સવમાં સુકો મેવો, ફ્રુટ્સ, શાકભાજી, કઠોળ, ફુલોના હિંડોળાના દર્શન ભાવિક ભક્તોને થશે.

. . . . . . . . . . .

# STATE TABLE TENNIS

આણંદ ખાતે યોજાયેલી ત્રીજી ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ 2025માં અમદાવાદના બીજા ક્રમાંકિત ચિત્રાક્ષ ભટ્ટે વડોદરાના પ્રથમ માદલાણીને 4-1થી હરાવીને પુરુષોનો ખિતાબ જીત્યો છે. ફાઇનલમાં આ સરળ જીત સાથે, ચિત્રાક્ષે ભાવનગરમાં આયોજિત ઓપનિંગ સ્ટેટ મીટમાં પુરુષોનો ખિતાબ જીત્યા બાદ રાજ્ય રેન્કિંગમાં ફરી ટોચનું સ્થાન મેળવ્યું.

છોકરાઓની અંડર-19ની સ્પર્ધાની રોમાંચક ફાઇનલ મેચમાં, આઠમા ક્રમાંકિત સુરતના આયુષ તન્નાએ અમદાવાદના હિમાંશ દહિયાને 4-2થી હરાવીને સિઝનનો પોતાનો પહેલો ખિતાબ જીત્યો. જ્યારે અમદાવાદના અભિલાક્ષ પટેલે ત્રીજા ક્રમાંકિત આર્ય કટારિયાને 3-1થી હરાવીને છોકરાઓની અંડર-17નો ખિતાબ જીત્યો.

. . . . . . . . . . .